# અરુણોદય

સપ્ટેમ્બર–૨૦૧૭

અંક – ૭




M.D. SONI , PRIMARY TEACHER
SKV SCHOOL VARMANAGAR


સંપાદકીય બોર્ડ

- આર.કે.દાસ
- એસ.જે.મેહ્તા
- એમ.એમ.ઠક્કર


અનુક્રમણિકા


– યુવાનોના આદર્શ.... સ્વામી વિવેકાનંદ
– ચાલો ઘરને સ્વર્ગ બનાવીએ
– પ્રાર્થના
– વિજ્ઞાનથી પ્રગતિ કે અધોગતિ ?
– बिटियाँ
– વરસાદ સાથે વાર્તાલાપ
– My messge to the world
– 1 Safderjung New Delhi
– ગુરુ-પ્રકાશ સ્રોત
– શાળા ની પ્રવૃત્તિઓ



# યુવાનોના આદર્શ....
# સ્વામી વિવેકાનંદ



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

ભારતમાતાના સાચા સપૂત, યુગદૃષ્ટા , યુગપુરુષ અને મહાન સામાજિક, ધાર્મિક સુધારક , યુવાનોના પ્રેરણા સ્ત્રોત એટલે સ્વામી વિવેકાનંદ.

વિશ્વનાથ અને ભુવનેશ્વરી દેવીના આ દિવ્ય સંતાન એવા વિવેકાનંદ તીવ્ર કુશાગ્ર બુધ્ધિ અને તીવ્ર એકાગ્રતા તેમજ સ્વભાવે નીડર , પરાક્રમી અને પરોપકારી હતા. કોઇપણ વાતને જાણ્યા, સમજ્યા વગર સ્વીકારી લેવી એ તેમના સ્વભાવમાં ન હતું.

એક વખત એવું બન્યું કે,નરેન્દ્ર પોતાના મિત્રો સાથે રમતાં રમતાં ઝાડ નીચે પહોંચે છે , મિત્રો કહે છેકે આ ઝાડ પર ભૂતછે. મિત્રોની વાત સાંભળતાં જ નરેન્દ્રઝાડ પર ફરી ચડી જાય છે. મિત્રોને કહે કે, તમેં લોકો હવે ઘેર જાવ હુંતો ભૂતનેમળીને જ આવીશ. શાળાથી લઇને કોલેજના શિક્ષણ સુધી ઇશ્વર છે કે નહી ? તે અંગેના પ્રશ્નો તેના મનમાં ઊઠતા.ગુરૂ રામકૃષ્ણ પરમહંસ મળવાથી તેમના દરેક પ્રશ્નના તર્કપૂર્ણજવાબ મળ્યા.


સ્વામી વિવેકાનંદે અમેરિકાના શિકાગો શહેરમાં ૧૧ સપ્ટે. ૧૮૯૩માં ભરાયેલ વિશ્વધર્મ સંમેલનમાં હિન્દુ ધર્મના પ્રતિનિધિ રૂપે ભાગ લીધો. વિશ્વમાં ભારતને ગૌરવવંતુ સ્થાન અપાવ્યું. 'ઉઠો, જાગો, ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો ' સુત્ર આપ્યું.

એક યુવાન કેવો હોય તેની છાપ પોતાના જીવનચરિત્ર દ્વારા આપણાં સૌ ભારતીયમાં ઊભી કરી માટે તેમનો જન્મદિવસ ' રાષ્ટ્રીય યુવા દિવસ ' તરીકે મનાવવામાં આવે છે.

પોતાના ૪૦ વર્ષના ટૂંકા જીવનમાં તેમણે દેશ-વિદેશમાં પોતાના દેશનું નામ (ભારત) રોશન કરી હિન્દુ ધર્મની એક નવી વ્યાખ્યા અને બધા ધર્મો વચ્ચે સમન્વય સ્થાપિત કરવાનો તેમનો પ્રયાસ આપણે સૌ ભારતીયોને હંમેશા યાદ રહેશે. તેમણે પોતાના વચન અને કાર્યો દ્વારા યુવાનોને નવા પરિવર્તન માટે પ્રેરિત કર્યા. તેમણે યુવાનોને અપીલ કરી કે , મન અને તનથી સ્વસ્થ રહો અને નવભારતના નિર્માણ માટે સંપૂર્ણકટિબધ્ધ થાઓ. યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનંદને શત શત નમન.



# ચાલો ઘરને સ્વર્ગ બનાવીએ



એસ.જે. મહેતા
ઈ. આચાર્ય

(" દિવ્યતેજ " સામાયિક માંથી )

ઘર. ઘર એટલે શું ? શું ઘરની વ્યાખ્યા અમુક શબ્દોઅમુક વાકયોમાં આપી શકાય ? લોકો કહે છે કે દુનિયાભરની હાશ એટલે ઘર. આખા દિવસની નિરાંત એટલે ઘર. આ માટે ઘરને " ધરતીનો છેડો એટલે ઘર " એમ પણ કહેવાયું છે આ બે શબ્દોમાં ઘણું બધું આવી જાય છે ઘરની વ્યાખ્યા સમજાવવા માટે આ બે શબ્દોથી વધુ સરળ કોઇ વ્યાખ્યા જ ન હોઇ શકે. ઘર એટલે ફકત ધરતીનો છેડો જ નહિ, મસ્તીનું સરનામું પણ ચરણોની થકાવટ અને આંખોનો ભેજ જે દિશામાં લઇ જાય એ ઘર.

ઘર એ કાના-માત્રા વગરનો બે અક્ષરનો શબ્દ જ નથી, તે માનવીના જીવનમાં શાંતિ મેળવવાનું સરનામું પણ છે ખરેખર ઘર કોને કહી શકાય ? ઇંટ-સિમેન્ટ, રેતી-પથ્થર અને કપચી દ્વારા બનાવેલી ચાર દિવાલો, ના તે મકાન છે.ઘર તો ત્યારે જ બને જ્યારે તેનામાં ખિલખિલાટ કરતો પરિવાર વસે. જ્યારે મકાનમાં વસતા પરિવારમાં શાંતિ હાસ, નિરાંત, સલામતી, આવકાર અને પોતીકાપણું ભળે ત્યારે તે ઘર વાસ્તવમાં ઘર બને તો ચાલો" તે ઘરને સ્વર્ગ બનાવીએ "

ઘરને સ્વર્ગ બનાવવા ઘરના સભ્યોમાં લાગણીહુંફ પ્રેમ અને એકબીજા માટે કશું કરી છુટવાની ભાવના હોવી જરૂરી છે. વર્તમાન સમય સયુંકત પરિવાર માટે ખુબ જ ખતરનાક અને ભયંકર સાબિત થઇ રહયો છે. આજના યુવાનવર્ગની અમાપ સંપતિ ધારદાર બુધ્ધિએ તો એકબીજા પ્રત્યેની લાગણી જાણે સુકવી જ નાખી છે આજના સમયમાં લોકો પરિવારમાં તર્ક-વિર્તક કરી રહયા છે, પરંતુ જો પરિવારમાં સંપ અને સુખથી રહેવું હોય તો તેમાં મગજનો ઉપયોગ ચાલે જ નહિ. પરિવારમાં લાગણીને જીવંત રાખવા લાગણીના સબંધો સાચવવા હ્રદયનો ઉપયોગ કરવો જોઇએ. પરિવાર સ્વર્ગ સમાન ત્યારે જ બને જ્યારે પરિવારના સભ્યો એકબીજામાં રહેલી ખામીઓ એકબીજામાં રહેલી ખોટ પરસ્પરના હુંફ અને પ્રેમ દ્વારા છુપાવી શકે. **" A House is Built by Heart.."**


કુટુંબ ઘરના સભ્યોના તાણવાથી ટકી રહે છે. ઘરમાં સંપ હોવો ખુબ જ જરૂરી છે જો કુટુંબમાં સંપ હશે તો શાંતિ રહેશે અને શાંતિ રહેશે તો પરસ્પર સદભાવના પ્રેમ, સમભાવ અને સહાનુભુતિ રહેશે પ્રેમ એ પરિવારમાં સિમેન્ટનું કામ કરે છે, જે રીતે મકાન બનાવતી વખતે સિમેન્ટ ઇંટોને જકડી રાખે છે તે જ રીતે પ્રેમ પરિવારના સભ્યોને લાગણીથી જકડી રાખે છે. પરિવાર સંપ અને પ્રેમ દ્વારા જ ટકી રહે છે તેથી જ કહેવાયું છે ને

કરીએ સંપ ઘરમાં શત્રુથી શું થાય?
ઝાડ ટકે છે ઝુંડમાં એકલ ઉડી જાય...


સંપના કારણે ઘરમાં સભ્યોને છત્ર-છાયા, સથવારો અને હુંફ મળે છે. સ્વચ્છ અને સુવ્યવસ્થિત ઘર સારા સંસ્કાર દર્શાવે છે. જો દરેક ઘર શાંતિ અને સંપથી રહેશે તો વિશ્વશાંતિ માટે પરિષદો યોજવી નહિ પડે

જ્યારે સસરાના ઘરે વહુ પ્રથમ કદમ મુકે છે ત્યારે તે કેટલાય આશા-અરમાનો સાથે લઇને આવે છે. તે નવી વહુનું ઘરમાં મીક્ષ થવું સરળ નથી તેને માટે તેને ઘરના સભ્યોની લાગણી, હુંફ અને પ્રેમની જરૂર પડે છે પણ જ્યારે સાસુ, નણંદ કે જેઠાણીના શબ્દો કડવા બને ત્યારે પરિવારની એકતા જોખમાય છે, અને કુટુંબો વિભકત બને છે. માટે પરિવારની એકતા જાળવવા માટે, ઘરને સ્વર્ગ બનાવવા માટે દરેક સ્ત્રીએ દરેક સ્ત્રીને માન, લાગણી, પ્રેમ અને હુંફ આપવા જ રહ્યા.

પરિવારની એકતા જાળવવા, પરિવારને સ્વર્ગ સમાન બનાવવા માટે છેલ્લું પગથિયું છે સૌને એડજસ્ટ થવાનું. સ્વભાવ: સ્વભાવ કયારેય કોઇ બે વ્યકિતનો એકસરખો નથી જ હોતો. જો સભ્યો એકબીજાના સ્વભાવથી એડજસ્ટ ન થાય તો ઘરમાં કૌરવોનું મહાભારત જ સર્જાયા કરવાનું તેથી જો ઘરને સ્વર્ગ બનાવવું જ હોય તો એકબીજા સાથે એકબીજાના સ્વભાવ એડજસ્ટ થવું જ રહયું



# પ્રાર્થના





એસ.કે.ચૌહાણ
માધ્યમિક શિક્ષક

પ્રભુ! જુઓ....

અહિં અમારો કુટુમ્બમેળો ભરાયો છે
અમે તારો આભાર માનીએ છીએ---

- અમે જેમાં નિવાસિએ છિએ તે આ ઘર માટે
- અમને એકત્વના દોરે બાંધતા પ્રેમ માટે
- આજે તે અમને શાંતિએ આપી છે તેને માટે
- જે આશા વડે અમે આવતીકાલની રાહ જોઇએ છીએ તેને માટે
- સ્વાસ્થ્ય માટે
- કાર્ય માટે
- અન્ન માટે
- અમારી જિન્દગીને આહલાદક બનાવતા ઉજ્જવલ આકાશ માટે
- દુનિયાના દરેક ખુણે રહેલા અમારા મિત્રો માટે

અમને પ્રસન્નતા અને શાંત મન આપ તારી મરજી હોય તો,અમારા સર્વ નિર્દોષ કાર્યોમાં અમને આશીર્વાદ આપ,જેથી અમે ભય અને જોખમો વચ્ચે શુરવીર બનીએ,આપત્તિઓનિ વચ્ચે અવિચળ રહિએ,ગુસ્સાની વચ્ચે ધીર બનીએ,ભાગ્યના સર્વ પરિવર્તનોમાં આજિવન એકમેક પ્રત્યે નિષ્ઠાવાન અને પ્રેમાળ રહીએ

-માટી જેમ કુંભાર પાસે,પવનચક્કી જેમ પવન પાસે,બાળકો જેમ પોતાના વડીલો પાસે..............તેમ અમે તારી પાસે,તારી સહાય અને કૃપા યાચીએ છિએ.

-રોબર્ટ લૂઇ સ્ટીવંસન — ગુજરાતી અનુવાદ-કુન્દનિકા કાપડિયા

# વિજ્ઞાનથી પ્રગતિ કે અધોગતિ ?





કુ. એન.બી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

વિશિષ્ટ જ્ઞાન એટલે વિજ્ઞાન. આજનો યુગ ટેકનોલોજીનો યુગ છે. માનવી ૨૧મી સદીમાં વિજ્ઞાન થકી હરણફાળ ભરી રહયો છે.

સામાન્ય વ્યવહારમાં વિજ્ઞાન શબ્દ applied science માટે ઉપયોગમાં લેવાય છે. આજનું વિજ્ઞાન માનવને પ્રગતિ તરફ કે અધોગતિ તરફ લઇ જશે તેની વાત કરીએ તો.......

## વિજ્ઞાનથી પ્રગતિ કઇ રીતે ?






* સુખ સુવિધાના સાધનો એ.સી. , ફ્રિજ, કાર , કમ્પ્યુટર જેવા યાંત્રિક ઉત્પાદનોમાં વધારો, ગુણવતતામાં વધારો થયો.
* ભૌગોલિક અંતર ઓછું થયું.
* સાંસ્કૃતિક આદાન – પ્રદાન , વ્યાપાર વિનિમય વધ્યો.
* પૂ ર, આપતિ, આંધી –તૂ ફાન જેવી કુદરતી ઘટનાઓની જાણકારી વૈજ્ઞાનિક સાધનોથી શકય.
* ઇન્ટરનેટના માધ્યમથી દુનિયાભરની જાણકારી ઘરબેઠા પળભરમાં મળી રહી છે.
* ખેતી , ઉધોગ પહેલાં ફક્ત વરસાદ પર આધારિત હતા તેના બદલે હવે સિંચાઇના સાધનો વધવાના કારણે વરસાદ પરની નિર્ભરતા ઓછી થઇ છે.
* વિજ્ઞાનના વિકાસથી **Quality** (ગુણવતા) , **Perfection** (પૂર્ણતા), **Precision** (યર્થાથતા) નો આગ્રહ વધ્યો છે.

માટેજ કહેવાયું છે: **“ The science of today is the technology of tomorrow ”**

## વિજ્ઞાનથી અધોગતિ કઇ રીતે ?

* ટેકનોલોજીના વધુ પડતા ઉપયોગથી કુદરતી સંતુલનબગડી રહયું છે. જેના લીધે પ્રદુષણ તેમજ ઓઝોન વાયુમાં કાણાં પડવાની સમસ્યા ઊભી થઇ છે.
* વિનાશક શસ્ત્રો જીવલેણ બન્યા છે.
* કૃષિમાં જંતુનાશકદવાનો ઉપયોગ થવાથી પાકની ગુણવતામાં ઘટાડો , ઉપરાંત શરીર માટે હાનિકારક તત્વો વધ્યા છે.
* લઘુ ઉધોગોમાં નુકશાન થઇ રહયું છે. બેકારીમાં ધરખમ વધારો થયો છે. જેમકે પહેલાં બૂટ– ચંપલ હાથે બનાવતા કારીગરો , હાથશાળના કારીગરો મશીન આવવાથી બેકાર બન્યાં છે.
* **Cyber crime** માં વધારો થયો છે.
* શહેરીકરણ વધ્યું છે.
* પદ, પ્રતિષ્ઠા અને પાવર માટે સ્પર્ધા અને તુલના વધી છે. તેના લીધે માનવી સતત તણાવ , ઇર્ષ્યા , ક્રોધ , વેરભાવમાં જીવી રહયો છે.




આપણે સૌએ વિચારવું જોઇએ કે વિજ્ઞાનની પ્રગતિ આ જીવનનો વિકાસ છે ? કે પછી વિજ્ઞાનને સાથે લઇને આપણે જીવનનો વિકાસ કરવો છે ?

**“ One failure is worth seven and a half successes.”**

સાથે સાથે એ ધ્યાનમાં રાખવું જોઇએકે વિજ્ઞાનનો વિકાસ એ માનવ પ્રગતિનો એક ભાગ છે. તે માનવની સર્વાંગીણ પ્રગતિ નથી. આલ્બર્ટ આઇન્સ્ટાઇન જેવા મહાન વૈજ્ઞાનિકને પ્રશ્ન થયોકે વિજ્ઞાનની આટલી બધી પ્રગતિ થયા પછી પણ માનવી સુખી કેમ નથી ? પરંતુ તત્વજ્ઞાનની આંખોથી આપણે વિજ્ઞાનનો  સંયમિત અને વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જોઇએ. વિજ્ઞાન એ માનવજીવન માટે સહાયક અને પૂરક સાધન છે,  અંતિમ સાધ્ય નથી એ આપણે ન ભૂલવુંજોઇએ.

**I have not failed.**
**I've just found**
**10000 ways**
**that won't work.**



# बिटियाँ



KASHMIRA H. GOR

बिटिया तुम बनना जलसी।
जैसे जल कि मीठी बुंदे आसमान से उतरती।
तुम भी आना जिंदगी मे झरमर सी।
जैसे बुंदे बह कर झरना बनती;
तुम भी बनना संस्कारो के प्रवाह सी।
कभी आसमान से जैसे जडी बरसती
तुम भी रहेना फुलो सी महकती।
कभी आसमान से गिरते बरफ के  कण
तुम भी सह लेना मुशकिल के हर क्षण।
फिरतो  मिलती हे जैसे नदिया सागर से;
तुम भी मिलना अपने साजन से।
फिर भाप बनके उडति,बादल मे घुलती ओर उमड घुमड बरसती।
तुम भी रहेना युही जिन्दगी के
हर कदम पर हसती।
कभी बुंदे कभी झडी,झरना,नदिया
जैसे होते हे जल के रुप अनेक;
तुम भी रखना औरत के हर रुप का सम्मान।

# વરસાદ સાથે વાર્તાલાપ



મિતેશકુમાર એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

## *વરસાદને વિનંતીપત્ર*

રોજ રોજ આમ નખરા ન કર,
ખોટા ખોટા આમ વાયદા ન કર.
દાનત હોય વરસવાની, વરસી જા,
બિનજરુરી આંટા ફેરા ન કર.
સારું નથી લાગતું આ બધું તને,
હાલત પર અમારી હસ્યા ન કર.
સો વાતની બસ એક જ વાત,
લાંબી લાંબી આમ ચર્ચા ન કર.
વિનંતીઓ, પ્રાર્થનાઓ સૌ કરે છે,
હવે વધારે રાહ જોવડાવ્યા ન કર.




## *વરસાદનો જવાબ..*

મારા માટે તુ આમ કરગર્યા ન કર!
સાવ આડેધડ વૃક્ષો કાપ્યા ન કર!
'કાર્બન', 'ગ્રીન હાઉસ' વાત ન કર,
વાતોના વડાથી જખમ ખણ્યા ન કર!
વાદળો બનાવવા રોજ મથ્યા કરુ છુ,
તુ ઓઝોનમાં ગાબડાં પાડ્યા ન કર!
સૂકીભઠ્ઠધરા તો છે મારી પ્રિયતમા,
મને પ્રિયતમાથી દૂર રાખ્યા ન કર!
સમયસર આવતો રહીશ, શર્ત એટલી
પ્રકૃતિ સાથે આમ ખેલ્યા ન કર!



## *My messge to the world*



*Bina D. Bhatt*
*Sec. School Teacher*

***On 71st independence day when we teachers and students were gathered to hoist the flag, I saw a pigeon sitting on a pole on which our tricolor flag was kept to unfurl. I captured this beautiful picture which I would like to share it with you. In earlier days , it(pigeon) was used to convey the messages. On the beautiful morning of 15th Aug. I felt as if it is telling to the world that we Indians believe in peace. I am proud to be an Indian. I firmly believe that with this photograph I would be able to convey the spirit of brotherhood all over the world. Let the Countries all over the world know that the patience and tolerance of Indians is not their weakness but it is our strength. Let us spread the message of 'No War'.***

***Let peace and security for all be our prime mission on this Independence day. Wish you all a Happy Independence Day. Jay Hind Jay Bharat.***

# 1 Safderjung New Delhi




R.K.DAS
General Maneger(P)

1 Safderjung ,New Delhi was the official residence of our beloved Priminister Late Smt Indira Gandhi.She was allotted the bungalow upon her becoming the Information and Broadcasting minister in Lal Bhadur Shastri's cabinet during 1966 and stayed there till her assassination during 1984.The bungalow was turned to be a memorial in her name and a must see location. We use to recall Indira Gandhi as a fire brand lady .She was known for her decisiveness and bold administration. I can still remember her cool and calm interview to BBC during 1971 when India was taking an audacious decision of war with Pakistan.

It remains our curiosity to know about her living style .The memorial which was once her residence for 18 years showcased the simple but generous lifestyle of the most powerful lady India had produced ever. Everywhere there was a signature of the simplicity. The furniture, beds, utensils, shoes were a little more than ordinary.




There was vast collection of books in her personal library. It shows that she was fond of reading books.




As every house hold there was a small puja room in the Bungalow.Besides Gods and Goddesses there was the idol of Sri Ramkrishna paramahansha and Maa sarada devi.

On the fateful day of 31st October 1984 at about 9.30AM when she was waking within her premises she was shot by two of her body gurds.The path she last taken and the place where she was hit with bullets were marked with glass covers.



She was wearing a Sambalpuri Handloom saree then.The saree soaked with blood is preserved at the memorial.She laid down her life while serving the nation.



While roaming around I was recalling two of the newspaper articles about her personal life which might had happened in the Bungalow.

Case one-

During 1969 the congress party expelled Indira Gandhi .Virtually the party was split into two factions one of Indira Gandhi and the other was having stalwarts like Moraji Desai & Kamraj.It appeared as if the political career of indira Gandhi would come to an end but the charismatic leader won with a vote of 446 out of 705.It was a defining moment in Indian political history and a moment to celebrate but Indira Gandhi returned to her residence ,sipped a glass of water and quietly disappeared to her room. She was alone at that time and perhaps leading a very lonely life. It shows that persons at highest position use to be very lonely.

Case Two-

When any foreign dignitary would be called for diner, she would personally set the menu and take care that the recipes are prepared desirably. Personal touch in culinary matters reflects how common she uses to be despite holding such a position.

She was really a noble soul and an icon for Indian ladies.Pl don't Miss to visit this memorial while at Delhi.

# ગુરુ - પ્રકાશ સ્ત્રોત



રેખાબેન જે. ચાચું
માધ્યમિક શિક્ષક

5મી સપ્ટેમ્બર એટલે શિક્ષકદિન. ડૉ. સર્વપલ્લી રધાક્રિષ્નનનો જન્મદિવસ. ગુરુ – શિષ્ય પરંપરા અનાદિકાળથી ચાલતી આવે છે  આજે ગુરુ છે તે કોઇએક સમયે તેમના ગુરુના શિષ્ય હતા. આવી જ રીતે એક દીપકની જ્યોતિમાંથી બીજો દીપક પ્રગટાવવામાં આવે છે. આ રીતે ગુરુ પોતાના શિષ્યને જ્ઞાન પ્રદાન કરે છે.

" સદાશિવસમારંભામશંકરાચાર્યમધ્યમામ
અસ્મદાચાર્ય પર્યન્તાંવન્દેગુરુપરમ્પરામ ।"

ભાવાર્થ :- જેનો પ્રારંભ શ્રી સદાશિવથી થયો છે , જેની મધ્યમાં શ્રી શંકરાચાર્ય છે અને  અમારા આચાર્યસુધી ચાલી આવે છે તેવી આ ગુરુ પરંપરાને હું વંદન કરુ છું. વિધા કોઇપણ હોય લૌકિક અથવા આધ્યાત્મિક તેના સાર તત્વને સમજવા માટે ગુરુની આવશ્યકતા હોવી જરૂરી છે. વિધાના વિશેષજ્ઞ ગુરુ તેનો બોધ કરાવવામાં સક્ષમ અને સમર્થ  હોય છે. ગુરુના અભાવમાં અર્થવાન વિધા પણ અર્થહીન થઇ જાય છે. આ વિધાના સાર અને સત્યને સમજી ન શકવાના કારણે ભટકતા જ રહેવું પડે છે. ઉચ્ચસ્તરીય તત્વો વિશે વાંચવામાં આવેલ પુસ્કીય જ્ઞાન ફકત માનસિક ભાર બનીને રહી જાય છે. જેટલુ વધારે વાંચો એટલી વધારે માન્યતાઓ ઘેરી લે છે. ગુરુના અભાવમાં કાળા અક્ષર જીદગીમાં અંધકાર જ પાથરે છે.

ચીનમાં એક સંત થઇ ગયા. જમનું નામ હતુ શિન – હુઆ. તેમણે વર્ષોના વર્ષો સુધી સાધના કરી , દેશવિદેશમાં અનેક સ્થાનોનું ભ્રમણ કર્યું. જુદા-જુદા શાસ્ત્રો વિધાઓ ભણ્યા. પરંતુ ચિત્તને શાંત ન મળી. અનેક વર્ષો સુધીનો વિધાભ્યાસ કરવા છતાં આ વિધાની ભટકન અને ભ્રાન્તિ એવાંને એવાજ રહયા.  તે દિવસોમાં  શિન-હુઆ ખૂબબેચેન હતા. આ દિવસોમાં તેમની મુલાકાત બોધિધર્મ સાથે થઇ. ત્યારે બોધિધર્મ ભારતથી ચીન ગયા હતા. બોધિધર્મના સંપર્કમાં આવતાની સાથે જ શિન-હુઆનો બધો ભ્રમ – ભટકન સમાપ્ત થઇ ગયા. તેમના મુખ ઉપર જ્ઞાનની અલૌકિ દીપ્તિ છવાઇ ગઇ. વર્ષોના વર્ષો અનેક શાસ્ત્રો ભણીને જે ન મળ્યુ , તે એક પળમાં મળી ગયું.

શિન-હુઆએ પોતાના ગુરુ બોધિધર્મના વચનોનો ઉલ્લેખ કરતાં લખ્યું છે. વિધા અને શાસ્ત્ર દીવાના ચિત્ર જેવાં છે. તેમાં ફકત દીવો કરવાની રીત માત્ર જણાવેલી હોય છે. આ ચિત્રોને , રીતને ગમે તેટલીવાર વાંચવામાં કે જોવામાં આવે , ગોખવામાં આવે, તેને પોતાની છાતી સાથે  ચીપકાવી રાખવામાં આવે તેનાથી થોડાક પણ ફાયદો થતો નથી. અંધકાર જ્યારે છવાતો જાય છે ત્યારે શાસ્ત્રમાં ઉલ્લેખ કરવામાં આવેલ દીવાનું ચિત્ર જરાપણ કામમાં આવતુ નથી. મન આ જ પ્રકારે વ્યાકુળ રહે છે. પરંતુ સદ્ ગુરુનેમળવાનું  જાણે પ્રગટેલા પ્રકાશને ચારે તરફ  ફેલાવતા દીપકને મળવા બરાબર છે. શિન –હુઆએ લખ્યુ છે કે તેમનું ગુરુ બોધિધર્મને મળવાનું આ જ રીતેનું થયુ. તેઓ કહે છે કે પ્રકાશ – સ્ત્રોત સામે જ હોયતો પછી શંકા , સંદેહનો અંધકાર કેટલીવાર સુધી ટકી રહેશે ? આ કોઇ

ગણિતનો પ્રશ્ન નથી ,આનો જવાબ સરવાળા , બાદબાકી , ગુણાકાર કે ભાગાકારમાં નથી એતો સદ્દગુરુની અનુભૂ તિમાંછે. જીવનમાં જ્યારે આ અનુભૂતિ થાય ત્યારે બધી જ વિધાઓ , બધા જ શાસ્ત્ર આપોઆપ પોતાનું રહસ્ય ખોલવા લાગે છે. શાસ્ત્ર અને પુસ્તકો ન હોય તો પણ ગુરુકૃપા દ્વારા તત્વબોધ થવા લાગે છે.

## શાળા ની પ્રવૃત્તિઓ



વૃક્ષારોપણ



૧૫ મી ઓગષ્ટ

# શાળા ની પ્રવૃત્તિઓ

## કલા મહાકુંભ



## રાખડી સ્પર્ધા



# સાયન્સ એક્સપ્રેસ ટ્રેનની મુલાકાત















